ઑનરેબલ સર ફિરોઝશાહ

મહેતાનાં વિરહ.

તથા જીવન ચરિત્ર.

દેશભક્ત, ખુદાવંદ, ઉદાર ગાન, દેજબક્ષ, હેજરશાન,
આતમહેરાન, અજમન સરવર, કે. સી. આઇ.
ઇ. પારસી કોમના વડા અકાબર.
મુંબઈ ક્રોનીકલના અધીપતી.

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર.

કવિ. સ. વજલાલ ખુશાલભાઇ બ્રહ્મભટ.

ગોમતીપુર—અમદાવાદ.

દુહો.

વિસરે નહિં વૃક્ષસ્થળે, શાણુપદ સહુકાય;
જેવિ કરી જનાબની, લાયક કીર્તી લખાય.

અમદાવાદ-શ્રી સત્યપ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસમાં
ડાહ્યાભાઇ શંકરાભાઇ ગાંધીએ છાપ્યું.

આવૃતિ ૧ લી. પ્રત. ૧૦૦૦
સને ૧૯૧૫. સંવત ૧૯૭૨.

અમુલ્ય.

ખુદાવંદ, ખુદાયગાન, ફેજબક્ષ, આતમદોરાન, અજમન સરવર, ઑનરેબલ સર. ફીરોજશાહ મહેરવાનજી મહેતા કે. સી. આઇ. ઇ. પારસી ફીરકાના વડા અકબર દેશ ભકતનું જીવન ચરિત્ર.

તથા.

શોકોદ્દગાર

ગરબી રાગ પુરજ.

"કેરી સહીયર જેનો કંથડો, (હાંરે) તેનાં પૂરણ પાપ;" એરાગ

હીરો હડતાઓરે હિંદનો, પીરોજશાહ પ્રવીન;
મહેતા ઓનરેબલ અનુભવી, હવા બેસ્તનસીન. ટેક હીરો ૧

પરોપકારી પ્રજા તણા રે, માન્યકારી મશહુર;
આલમ હિતચ્છુ પારસી, ફોક કરનાર ફીતુર. હીરો ૨

અફસોસ જેથી હીંદનારે, હીંદુ ઇસ્લામ અમીર;
સુરા સાહેબો પારસી, માનવંતા મહા વીર. હીરો ૩

મહાન રાજા વિર પુર્ષનીરે, ખોટ ખલકમાં અપાર;
જેથી કરીને જનાબનો, ચરચાયજ ચિત્તાર. હીરો ૪

વિસેષે વિજયી વિચર્યા રે, સહેર વિલાયત ચીન;
ડીગરીઓ મોટી મેળવી, હવા પોતે પ્રવીન. હીરો ૫

પ્રજાની હરકતો હઠાવવા રે, પોતે કીધો પોકાર;
મ્યુનસીપલ વગેરેમાં જઇ, સંભળાવ્યો સુસાર. હીરો ૬

સંગ્રહસ્થાન કોન્ફરસોમાં રે, ભલો લેતાજ ભાગ;
દેશ અને વિદેસમાં, મોટા મુકાવ્યોજ માગ. હીરો ૭

સાહેબો ને સહુ ગૃહસ્થોમાંરે, માન્યકારી મનાય;
પ્રજા હિતેચ્છુ કામમાં, ગુણિયલ ગૃહસ્થ ગણાય. હીરા ૮

ચુકે નહિ તેવા ચુકવ્યા રે, કજીઆ કૃપાળે બહુ;
અધ્યક્ષ ઠેરવ એમને, દેખી બાહોશી સહુ. હીરા ૯

આઘે ગુણોથી એઉનું રે, બહુધા કીધું જ બ્યાન;
દુઃખી દીલેથી દેસીઓ, જનાબ જરથોસ્ત વિદ્વાન. હીરા ૧૦

ગમખાર ગજબ આ ગુજર્યો રે, હેબકનાક હેવાલ;
પરોપકારી પરવર્યા, રાખનારા સૌ સંભાળ. હીરા ૧૧

ધરમી સ્થંભ ધસી પડયો રે, ખળભળ્યું જેથી ખગોળ;
ગમી હવીજ ગુજરાત હિંદમાં, ઓનરેબલની અણ તોલ. હીરા ૧૨

જીવન મુક્ત થઇ જક્તમાં રે, મોધી મુકી સુદેહ;
પત્નીને પ્રતાપી પુત્રનો, તોડી સબળ સનેહ. હીરા ૧૩

પૈસાની પરવા ન રાખતાં રે, કીધાં કૃપાળ કામ;
રૈયતને વળી રાજનાં, અધીક ધારી સુહામ. હીરા ૧૪

હીકાતેર આસો માસની રે, વડી વિક્રમની સાલ;
વિકાળ હવી આ વિશ્વમાં, જાતાં જરથોસ્ત જગપાલ. હીરા ૧૫

રૈયતને રામાઓ કરે રે, વિધ વિધના વિળાપ;
પથ્થર તો ફાટી પડે, સુંણી અફસોસી અળાપ. હીરા ૧૬

પુરૂષારથ વિના પુર્ષનો રે, પીંડ પ્રેત સમાન;
કથ્યું છે કીરતારે મુખથી, જપી નીજ જુબાન. હીરા ૧૭

પરંતુ આ પ્રતાપીએ રે, કર્યાં કૃપાળુ કામ;
જેથી કરીને જેમને, વડો મળો વિરામ. હીરા ૧૮

ઉપકારી કામો કરી આવીયા રે, કરૂણા સિંધુ કીરતાર;
અક્ષય સુખ આપો એમને, પ્રભુ પરમ ઉદાર. હીરા ૧૯

જોડી મળે નહી જગક્તમાં રે, જનાબ કેરી જરૂર;
જેથી જગને જરથોસ્ત ગૃહસ્થાનાં, અતી ઉદાશ ઉર. હીરા ૨૦

ઝળકતો તારો જકતનો રે, અરે હોવાથી અસ્ત;
વિસાળ કુટંબ વડા શેઠનું, સોકાતુર સમસ્ત. હીરો ૨૧
પુરૂષારથી પુરૂષો તણીરે, ખોટ ખલકમાં ખુબ;
જેમાં જનાબ સિધાવીયા, મશહુર મેહેતા મહેખુબ. હીરો ૨૨
ઘણું કરી ગોખલે તણો રે, વિસર્યો ન વિયોગ;
જેમાં માનવંતા મહેતા તણો, બુરો બન્યો સંજોગ. હીરો ૨૩
પરોપકારી પડવા થકી રે, સોક જનક શીવલાલ;
ઓછા હોસે આલમ વિસે, વિરો બુદ્ધિ વિશાલ. હીરો ૨૪
તારીખ પાંચ નવેંબરે રે, હવા બહેસ્ત નસીન;
હિંદની આલમ પારસી, સેઠો ગૃહસ્થો ગમગીન હીરો ૨૫
પુજ્ય પિતા સમા પુત્રો રે, થાઓ ચારે તેજદાર;
ઇજત આબરૂ મેળવો, કરૂણા સિધુ કીર્તાર. હીરો ૨૬
ગોળમાંથી ગળપણ ગયું રે, તજ્યો સાકરે સ્વાદ;
ખટરસો ખારા હવા, વડો હવો વિસાદ. હીરો ૨૬
પરોપકારી પીરોજશાહરે, ભુલ્યા નહિ ભુલાય;
સ્તુતીપાત્ર કામા કર્યા, જેથી માન અપાય. હીરો ૨૭

વિરહ સંતાપ.

ગરબી.

" ઘેલીરે મુને કીધી શું ગીરીધારી, વિયોગનું દુઃખ દઇ ભારી. ઘે. એ રાગ.
" અથવા—મારીરે સંગે, બોલો હો નંદલાલા.' એ રાહ.
ગયારે ગૃહસ્થ પીરોજ પરોપકારી, વિસરે નહિ પ્રભાતે વિસારી ગયારે.
ટેક.
સુણીરે ખુબીદાર તણીરે ખ્વારી, સંતાપ કરે સકલ નર નારી. ગયારે. ૧
મનોહર મુંબઈનીરે વસ્તી, નહીરે કોઇની સુખ મુદ્રા હસ્તી. ગયારે. ૨

સંતાપ કરે સકલ શહેર સારૂં, પુરાયુંરે બોલનારનું બારૂં. ગયારે. ૩
મુબારક નામો સહુ તણાં આપી, કયાય સંતાપ કરનારનાં અલાપી. ગ. ૪
શોકજનક હવા સાહેબો અધિકારી, સુગ્ન સહુ સમાજ સરકારી. ગયારે. ૫
મશહુર મોટા ગવર્નર ગુણકારી, નારાજ હવા જેમની બહુ નામદારી.૬
સંતાપ કરે મહા રાજાઓ દરબારી, સમાજો શહેર તણી સારી ગયારે.૭
સંતાપ કરે જરસ્થીસ્ત સૌ જનાબો, મેળવનાર મહોટા જે ઇલ્કાબો ગ.૮
જહાંરે પ્રસિદ્ધ સર જમસેદજી કેરા, સંતાપ કરે સુમાની ઘણેરા. ગ. ૯
પ્રસિદ્ધ પીટીટ જનાબ જીજીભાઇ, વરનાર વડિલો સમ જે વડાઇ. ગ.૧૦
મશહુર કુટંબ મેહતા સર કેરૂં, ગમગીન હવું મહિમા જેઉનો મેરૂ.ગ.૧૧
ચહાવા જેઓ ચીનના સૌ વેપારી, ધવળ પદવીઓ જેમણે ધારી. ગ.૧૨
સંતાપ કરે બાહોશ બહુ બાનુઓ, કુળ દીપક કુમાર ભડ ભાનુઓ.ગ.૧૩
યસસ્વી આત્મજ ઓનરેબ કેરા, સંતાપ કરે ચારૂ બાઇ ઘણેરા. ગ. ૧૪
મશહુર માન્યકારી મોટાં માયજી, શોકાગ્ની તેમનો ન સમાયજી. ગ. ૧૫
કારીઘાવ કલેજેરે વાગ્યો, ભરતખંડ કેરો બીરૂ ભાગ્યો. ગ. ૧૬
કુવાની છાયા કુવામાં સમાયે, કષ્ટ કોઇ આગળ ન કહેવાયે. ગયા. ૧૭
શરીરે શરણાં શોક રૂપીરે વહેતાં, રોકયાં રંચવાર નહીરે રહેતાં. ગયા.૧૮
યસસ્વી ઉદાર પુત્રો તેવા, ફેજ બક્ષ ફીરોજશાહ જેવા. ગયા. ૧૯
વડોરે વબો વડીલનો ઉઠાવી, જમાવટ જયકારી જમાવી. ગયા. ૨૦
સોલીસીટર જાંહગીરશાહ અફસોસી, દીલાસ્યે દીલ રહેન ખામોશી ૨૧
બી૦ એ૦ એલ૦ એલ૦ બી૦ બુદ્ધિશાળી, પિતા ફેરી સંસ્થાઓ
સંભાળી ગયા ૨૨
પવિત્ર પુત્રી પીરોજશાહ સરનાં, અફસોસ જરબાનુ મોટા ઘરનાં. ગ. ૨૩
અશમત પનાહ આઇમાય ઘણેરા, સંતાપ કરે પ્રતાપી પતી કેરા. ગ. ૨૪
અરદેસરશેઠ અફસોસ કરે ભારી, બારીસ્ટરની પદવી ધીમંતે ધારી ગ.૨૫
દીપ્યુટી સેરીફ કહાવે મહેતા, વિવેકી વડા જે વકતા. ગયા ૨૬

દલગીર શેઠ કેખસરૂ દાના, એમ૦ એ૦ શાહ ઘણા સાણા. ગયા ૨૭
સાવકશાહ શોક કરે ભારી, ઉત્તમ અભ્યાસ જેમનો છે જારી. ગયા ૨૮
વગેરે સગાં કુટુંબીઓ શહેરી, અફસોસી કરે સહુમર્દો મેરી. ગયા ૨૯
શોકનોરે સિંધુ મુબઇમાં રેલ્યો, ધંધો રોજગાર સહુએ મહેલ્યો; ૩૦
સંતાપ કરે જરથોસ્ત સૌ જનાબો, મેળવનાર મોટા જે ઇલ્કાબો ૩૧
સી૦ આઇ૦ ઈ૦ શેઠ વિરચંદ શાહ કેરા, અફસોસ શેઠ ભોગીલાલ
ઘણેરા. ગયા રે. ૩૨
પરીખ ઉમેદભાઇ જીવાભાઇ, નારાજ હવા જેમની પટલાઇ. ગયા ૩૩
હુંડીઆરતો શિકરાએ સારી, નાણાવટીમાં જેમની નામદારી, ગયા ૩૪
માતબર કેરા મોહોટાજ માન માટે, અડતાર પડી હાટે હાટે. ગયા.૩૫
બંધ કીધી કામદારે સૌ કચેરી, દલગીરી દર્શાવી ઘણેરી. ગયા. ૩૬
હોશીસરે હોશીસો બંધ કીધી, નગરમાંરે વહ્યા અફસોસ અબ્ધી ગયા.૩૭
બંધ હવાં બજારો મારકીટો, કલબો રમતો કેરકીટો. ગયા.૩૮
ધરમીરે થંભ થશાયો જેવારે, પરમ પોકાર હવો તે વારે. ગયા.૩૯
બંધરે હવાં બંદરોને મીલો, સરવ ઠામે લાગી ગઇ શીલો. ગયારે.૪૦
સંતાપ કરે પુનાના રહેવાશી, પીરોજ હોસંગઇદસ્તુર લબાશી. ગયારે.૪૧
સુરત સેહેર ગજબ હતું ગ્લાની, હવી અધીક જાણી હાની. ગયા.૪૨
ભરૂચમાં અફાસેસ હવો ભારે, વડોદરા વિશાદી હતું ત્યારે. ગયા.૪૩
હરતાર પાડી શ્રીમંત સરકારે, નારાજ હવા નૃપતી તેવારે. ગયા.૪૪
મર્તબાદાર મશહુર મશાણી, લાયક કીર્તિ જેઉની લખાણી ગયા. ૪૫
વિશાદ કરે વિદ્યા અધિકારી, દલગીર દેશાઇ આસીસ્ટંટ અધિકારી.ગયા.૪૬
મ્યુન્સીપલ મહેબુબ કોઠાવાળા, સંતાપ કરે રૂસ્તમજી રૂપાળા. ગયા.૪૭
બાહોશ બાગો કેરા જે અધિકારી, તૈમુરજી રતનજી દલગીર ભારી.ગયા.૪૮
અમદાવાદે દીલગીરી દરસાવી, ગૃહસ્થે ગમીની સભા ભરાવી. ગયા.૪૯
ચેરમેન સ્થાને સર ચિનુભાઇ ઠરીયા, મોટાં ભાષણો મહેતાનાં ઉચરીયા.ગ. ૫૦

દલગીરી દર્શાવી દેશા દેશે, નામદાર નવાબો બહુ નરેશે. ગયા. ૫૦
કચ્છરે કાઠીયાવાડ ઠામો ઠામે, સંતાપ કરે સર ફેરા સહુ ગ્રામે. ગયા.૫૧
અતિરે ઑાનરેબનોરે હાજો, ઘણી ગમીની ભરાઇ સમાજો. ગયા. ૫૨
જગે જગે જરથોસ્તો જયકારી, ગમગીન હવાં બાનુઓ બહુ ભારી.ગ.૫૩
અપ્સોસ અંજુમન ઇસ્લામી, હીંદુ અમીરો પ્રજા બહુ દુઃખ પામી.ગ.૫૪
એકંદર અફસોસ હવોરે જાદે, અધીક કર્યો શહેર અમદાવાદે. ગયા.૫૫
શોકજનક શિવલાલ કવિ કહે છે, સોક રૂપી શરણાં સહુને વહે છે. ગયા.૫૬
પ્રજા ભકતોની પડીરે ખામી, અફસોસ ઘણા હિંદુઓ ઇસ્લામી. ગયા.૫૭

જીવન ચરિત્ર.

મહાડ.

"તારે જુઠે ઝઘડે મોહીરે, સરાબ નહી રે પીવાની. [૨] ટેક.
ઑાનરેબલ અનુભવી રે, સરે સુબીના શ્રવી;
સુબીના શ્રવીરે, ગયો સુબીના શ્રવી. ઑાનરેબલ. ટેક
કીસોર વયથી કેસરી રે, હુતા ઘણા હોસિયાર;
સન અઢાર પીસ્તાળીસમાં, જન્મ્યા જગ મોઝાર રે. ગયા ૧
ગુજરાતી કેળવણી મેળવી, ઇંગ્રેજીનો કીધો અભ્યાસ;
ઘોરણોમાં ચઢતા જઇ, ઇનામો મેળવ્યાં ખાસ. ગયા ૨
મહેતા મેટ્રીક્યુલેટની, પરિક્ષા કરી પ્રસાર;
પ્રથમ પહેલા વિદ્યાર્થી, હવા એલ્ફીન્સ્ટન કાલેજ દ્વારરે ગયા ૩
સર. અલેકઝાંડર શિરોમણી, હુતા ગ્રાંટ પીન્સીપાલ;
ઇંગ્રેજી ઇતિહાસના, પોફેસર હુતા પ્રવાલ રે. ગયા ૪
ઇતિહાસીક અભ્યાસ ને, ઇંગ્રેજી સાહીતનું જ્ઞાન;
મેળવી મેહેતા એ ઘણું, ખેંચ્યું અલેકઝાંડરનું ધ્યાન રે. ગયા ૫

ઉંચે નંબરે એમણે, ઇનામો સારાં લેઇ;
સ્કોલર સીપો મેળવી, ગુણ ગાથાઓ ગવાઈ રે. ગયા ૬
બાહોસે બી૦ એ૦ તણી, પરિક્ષા કીધી પ્રસાર;
વધુ કેળવણી આપવા, વડાને હવો વિચાર રે. ગયા ૭
બે વર્ષ બી૦ એ૦ થયા પછી, એમ૦ એ૦ નો અભ્યાસ;
પઢનારા પુરો કરે, પણ છ માસે હવા પાસરે. ગયા ૮
એથી અલેકઝાંડર સાહેબને, હવો ઉત્સાહ અપાર;
એલ્ફીન્સ્ટન કોલેજમાં, અવલ ફેલો નિમ્યા તે વાર રે. ગયા ૧૦
બીજી ભાષા તરીકે તેમણે, રાખી હુતી ગુજરાતી જ;
પસાર કરી તે પ્રેમથી, રૂડી મેળવી રીઝરે. ગયા ૧૧
જણાવ્યુ હુતુ એક સામે, વાત જ કેરા પ્રસંગ;
નૃસિંહમહેતાને તેમની કાવ્યનો, લખ્યો હુતો એક નિબંધરે ગ. ૧૨
શિવલાલ કહે સું વર્ણવું, હવા ઘણા હોશિયાર;
ટુંક મુદતમાં તેમણે, પરિક્ષાઓ કીધી પસાર. ગયા ૧૩

દુહા.

હિંદ અને ઇંગ્લંડમાં, વડિ વરી વાહ વાહ;
જીહોશીથી પામીયા, પદવી પિરોજશાહ. ૧
પસાર કીધી પ્રેમથી, પરીક્ષાઓ અથાહ;
પારસી કુળ પારસ મણિ, સરજ્યા પિરોજશાહ. ૨
પોરા પોરીના કર્યા, બડા બિનોદે બ્યાહ;
પારસી કુળ પારસ મણિ, સરજ્યા પિરોજશાહ. ૩
રાખી નહિ રંચ દિલમાં, પૈસાની પરવાહ;
સુકામો કર્વા શેઠજી, સરજ્યા પિરોજશાહ. ૪

ચલાવ્યો ચારૂ દીસે, પુણ્ય તણો જ પ્રવાહ;
કુળ દીપાવન કેસરી, સરજ્યા પિરોજશાહ. ૫

રાજ પ્રજાના લાભમાં, ઉર ધરી ઉત્સાહ;
ભણનારા ભવ્ય ભાષણો, સરજ્યા પિરોજશાહ. ૬

ધરમી સ્થંભ ધસી પડયો, દારૂણુ દીલે દાહ;
દેશ ભક્ત દુનિયા બિચે, સરજ્યા પિરોજશાહ. ૭

મનહર છંદ.

પ્રતાપી પિરોજશાહ નર રત્ન નરનાહ;
મેળવી સુવાહવાહ, હિંદ ઇંગલંડ મે.
રાજ ભક્ત રોફદાર, આલમ કેરા આધાર;
વિબુધે સુ કીધી વાર, પ્યારા પ્રજા વૃંદમેં.
દાના ગૃહસ્થરાજ દ્વારી, સુમાન પામ્યા સર્કારી;
ધવળ પદવી ધારી, કાન્ફરન્સો ફંડ ગે.
કહે કવિ શિવલાલ, પ્રજા કેરા પ્રતિપાલ;
મોટા ગુણો આવી વસ્યા, મ્હેરવાન નંદમે.

ગુણ કથન

ગઝલ રેકતાની.

"નિંગે તલુવાર કાઝીહૈ" એરાહ.

ઓનરેબલ હિંદકા તારા, ગયા ગુની ગેંદકા હેજારા. ટેક

અપારો ગુણ કે અબ્ધિ, રખાં સુધિ કેરી શુધ્ધિ.
હુતા ઓનરેબલકા ઉજીયારા, ગયા સુમાની સેતારા ઓનરેબલ. ૧

બડી પ્રીત બિશ્વપે બ્યાપી, ભવ્ય ભાષણો બડે આપી;
નિરંતર નામ રહા જારી, આલમ સબ હુઇ આભારી. ઓનરેબલ. ૨

કાયદા કાનુન જાનનહારા, પ્રજા સરકારને પ્યારા;
જવાહીર જકતનું ઝઘતું, ત્રિસારે નહી તે વિસર તું. „ ૩
દીલાવરી બહાદુરી કીતી, બાજી જકત કેરી ઝીતી;
સરવમે રખી સલુકાઇ, છિતિ બિચે કીર્તી છાઇ. ઓનરેબલ. ૪
ઈ્યાકતદાર અમીર રાજદ્વારી, બસ્તી કેરી બિપ્તિ બિડારી
બારોટ શીવલાલ બિરદ ગાવે, ફેજ બક્ષ ફિરોજ ફેરનાવે. „ ૫

ખાન બહાદુર શ્રીમાન શેઠ નવરોજી પેસ્તનજી વકીલ. સી૦ આઇ૦ઇ૦ ના પ્રમુખ પણે અમદાવાદમાં પારસીની મળેલી ગમીની સભા.

ગરબી.

“ ઉધવ નંદનો છોરો તે નમેગ થયો જો ”

પારસી પંચાયતે શોકની સભા ભરીજો,
ગમી ગજબ પિરોજશાહ કેરી કરીજો. ટેક૦
ખાનબહાદુર ફરદુનજી તારાપરેજો,
કીધી દરખાસ્ત મોટી વિબુદ્ધ વરેજો. પારસી ૧
મીસ્તર કાવસજી દાવરે ટેકો આપીયોજો,
મર્તબો પ્રમુખ પદ કેરો થાપીયોજો. પારસી. ૨
નવરોજી પેસ્તનજી વકીલ વિરાજીઆજો,
ફેજબક્ષ લાચારોને નીવાજીઆજો. પારસી. ૩
પ્રથમ પ્રભુખે પ્રશંસા પિરોજની કરીજો,
બાહોશી સ્વતંત્રાએ સુકીરતી વરીજા. પારસા. ૪
ઓનરેબલ સરદારે ઠરાવ રજુ કર્યોજો,
પિરોજશાહ કેરા ભારે પુરૂષારથ ભર્યોજો. પારસી ૫

મીસ્તર. કાવસજી દાવર એકે શેઠનાજો,
બાહોશ બારીસ્ટર વડા સહેતનાજો. પારસી. ૬
મીસ્તર કેખશરૂ અરદેસર બાલા વળીજો,
ટેકો આપ્યો હોમી પેસ્તનજી ચાહેવાળા મળીજો. પારસી. ૭
નવરોજી પેસ્તનજી વકીલે સુચના કરીજો,
ફિરોજશાહની ઓઇલ રાખવા અગીયારીમાં ઠરીજો. પારસી. ૮
કારકીદી ગમી કેરા ભાષણો ભણીજો,
દુવા દીધી બાહોસો એવા રહો બનીજો. પારસી. ૯
નરીમાન રતનજી કોઠાવાળા કેસરીજો,
દલગીર દારાશાહ ધનજીશાહે કરીજો. પારસી. ૧૦
ઑનરેબલ સરદાર રૂસ્તમજી કેરાં માયજીજો,
સખાવતી સુનાંબાઈ દલગીર થાયજીજો. પારસી. ૧૧
શ્યામ સાડી પહેરી આવ્યાં સૌ બાનુઓજો,
સમસ્ત ફીરકાના બારે ગૃહસ્થ બાનુઓજો. પારસી. ૧૨
દોકટર સોરાબજી ગાંધી શિરોમણીજો,
સરોસ સુને દલગીરી દર્શાવી ઘણીજો. પારસ. ૧૩
બરજોરજી મારફતીઆ ખેદકરે બનાજો,
જેમણે કોરસપોન્ડન્સ ગ્રંથો રચ્યા ઘણાજો. પારસી. ૧૪
દલગીર દીકરા દલપતરામ કવિ તણાજો,
ન્યાયાધીસ ન્હાનાલાલને ચમન ચાલાક ઘણાજો. પારસી. ૧૫
બેરોનેટ ચિનુભાઇના પ્રમુખપણેજો,
મળી સભા શહેરીઓની દરજ્જે ઘણેજો. પારસી. ૧૫
શિવલાલ કહે શિરનામીનેજો, પાક દાદારને પ્રણામીનેજો. પા. ૧૬

બેરીસ્ટરની પરીક્ષામાં નાણુા નહિ સ્વીકારેલાં, ઇંગ્લાંડની કારકીર્દી
યુનીવરસીટી વગેરેનાં કામો.

છંદ એકત્રીશા.

'નૃસિંહ મહેતા ભક્ત હરિના જુનાગઢના રહેવાસી,
હુંડી કરાવા આવ્યા ગામમાં ચાર જણા તીરથવાસી.' એ રાહ.

ઓનરેબલ સરપિરોજશાહે, વિદ્ વદન ધન્ય વિકાસી;
રાજ પ્રજા પારસી ફીરકામાં, પરીમલ ખૂસબો પ્રકાસી. ટેક. ઓ. ૧

મસહુર મેહેતા મુંબઈ કેરા, નામાંકીત ગૃહસ્થ નિવાસી;
પ્રભા પ્રકાસી પુણ્યજ કેરી, સહુ દેશોદેશે વરી સાહાબાસી. ઓ. ૨

યુનીવરસીટીમાં ઓનરેબલે, કામો કીધાં મોટાં કાફી;
સુહાવી સર્વે સૃષ્ટિમાં, અસીલ ખાનદાની અસરાફી. ઓ. ૩

ક્રોડવસા કાનગ્રેસો માંહે, લાભકારી બીના લલકારી;
લખો દરજજે લાયક ગૃહસ્થે, આલમ કીધી સહુ આભારી. ઓ. ૪

અનેક પરિક્ષા ઓનરેબલે, ઇંગ્લંડમાં જઇને આપી;
પસાર થઇને પહેલે નંબરે, થીર કીરતી સાહે થાપી. ઓ. ૫

સર અલેકઝાંડરના આશ્રયથી, શિક્ષણુ પદ્ધતી સારી પામ્યા;
પછી પ્રભૂ કૃપાએ કરીને, જનાબ જગવિસે જામ્યા. ઓ. ૬

બેસક બાહોશ પારસી ફીરકામાં, ગુણુનીધી ગૃહસ્થ ગણુાયા;
સર્વે ગુણો શ્રીમંત ગૃહસ્થોના, સર પીરોજશાહમાં સમાયા. ઓ. ૭

જીહોસી ઉદારતા જગમાં, જાહેર રીતેજ જણુાવી;
અસરકારક ભાષણો ભાખી, આનંદ લહેરો ઉપજાવી. ઓ. ૮

ધારાસભામાં ધીમંત ગૃહસ્થે, અમોઘ વાણી ઉચારી;
સરકાર ને વળી સૃષ્ટિ સહુને, લખો દરજજે લાભકારી. ઓ. ૯

હિંદી પ્રજાના લાભાર્થે શેઠ. દાદાભાઇએ મંડળી સ્થાપી;
જેમાં જનાબ પીરોજશાહે, મશહુર મદદ મોટી આપી. ઓ. ૧૦

બાહોસે બૅરીસ્ટર કરી, પસાર કીધી પરીક્ષા;
ચતુર ને ચાલાક ઘણેરા, વીરપુરૂષ મોટા વિકસ્યા. એ. ૧૧
રૂસ્તમજી જમસેદજીભાઇએ, ત્રણ સ્કોલરસીપો કહાડી;
બેરીસ્ટરના અભ્યાસ માટે, તે નાણુંની ના પાડી. એ. ૧૨
મહાભાગી શેઠ મહેરવાનજીએ, સઘળો ખરચ લીધો શીરે:
શ્રીમંતતાઈ સારી સાચવી, દાના ગૃહસ્થ દવાગીરે. એ. ૧૩
શિવલાલ કહે સરપિરોજશાહે, મેળવી મુબારબાદી;
રાજ રૈયતનાં કામો કીધાં, અચળ નામ રહ્યું અનાદી. એ. ૧૪

અમદાવાદ-પ્રદર્શન.

" આવત મોરી ગલીયનમે ગીરીધારી." એ રાગ.

મહોટી મેળવી મહેતાએ મુબારકબાદી, કીધી કીરતિ અચલ અનાદી ટેક.
લાયકલેલી કમિશ્નરના વખતે, પ્રદર્શન પ્રગટ હવુ જ્યારે.
સંગ્રહસ્થાનમાં સરકારજ આવ્યા, પીરોજસાહ પધાર્યા હુતા ત્યારે; ૧
આદર એમને અતીશે આપ્યો, શ્રીમંત ગૃહસ્થો ને સરકારે,
દેશ સુધારાનું ભાષણ ભાખ્યું, ઓનરેબલ યસસ્વી ઉદારે. મહોટી. ૨
કલકત્તા મદ્રાસ મુંબઇ પુનામાં, સુમાનદે સહુ સમાજી;
ગંગાની ધારા જેવું ભાષણ, બોલતા બાહોસ બહુ ગાજી. મહોટી. ૩
અનેક પરિક્ષાઓ ઇંગ્લંડમાં જઇ, પસાર પોતેજ કીધી;
પરંતુ પરવાન રાખી પૈસાની, લાયકી લોકોમાં લીધી. મહોટી. ૪
જીવનનું સાર્થક જગત માંહે, પરોપકારીજ કામોજ કરવાં;
પરવરરદીગાની પ્રસન્નતા મેળવી, સંકટ આલમ કેરાંજ હરવાં. મહોટી. ૫
કામોજ કીધાં કૃપાળુ જેમણે, વિપતી વસ્તી કેરી વિડારી;
સરકારને વળી સમાજ માંહે, ઉચર્યાં ભાષણો અતી હીતકારી. મ. ૬
પારસી ફીરકામાં પારસ જેવા, પ્રગટયાં પીરોજશાહ મહેતા;

કૌન્સીલ વગેરે કોરટો માંહે, પ્રજા તરફની તકરારો કહેતા મહોટી. ૭
સોકજનક કહે કવિ શીવલાલ, પીતારામ પ્રસાદભાઇ કેરો;
સમાય નહી તે સેજ કાગળમાં, મસહુર મેહેતાનો મહિમા ઘણેરો.મહોટી. ૮
અમદાવાદમાં ૧૮ મી કોંગ્રેસના સંગ્રહસ્થાનમાં મેહેતાનું આવાગમન.

ગરબી ગુણકથન.

' કાના ઓરાને આવારે, કહું એક વાતલડી. ' એ રાગ.

હડતાઓજ હિંદનોરે, પીરોજશાહ પારસમણી;
ખોટ જેહેની ખલકમાંરે, ઘણે દરજ્જેજ ઘણી. ટેક. હડતાયો. ૧
પ્રજાહિતેચ્છુ કામોમાંરે, ખંતજ રાખી ખરી;
સર-ઓનરેબલેરે, વિમળ યસ કીરતી વરી. હડતાયો. ૨
અમદાવાદ સંગ્રહસ્થાનમાંરે, પીરોજશાહ પધારી;
ભવ્ય ભાષણ ભાખ્યુંરે, લોકોને બહુ લાભકારી. હડતાયો. ૩
શ્રી સયાજી સરકારરે, અધ્યક્ષ હવા જ્યારે;
મરહુમ પોરબંદરનારે, ભુપ ભાવસિંહ આવ્યા ત્યારે. હડતાયો. ૪
બન્નો બાહોશ રાજાનેરે, અધિક માન અપાયું;
યસોગાન યસ્વીનુરે, ઘણે દરજ્જે ગવાયું. હડતાયો. ૫
પીરોજશાહ તે પ્રસંગેરે, સહપ્રીતે પધારી;
દીવાનબહાદુર અંબાલાલ વગેરેનેરે, હજુરે કીધા આભારી. હડ. ૬
સામૈયુ કરવા સરકારનેરે, ગયેલ શેઠો સમાજી;
અતિમાન અંબાલાલેરે, આપ્યું પાસે બગીમાં બીરાજી. હડતાયો. ૭
સંગ્રહસ્થાન કોનફરન્સોમાંરે, મશહુર ગૃહસ્થ મેહેતા કેરી;
યોજના થાય આલમમાંરે, ઘણે માને ઘણેરી. હડતાયો. ૮
ચિન વિલાયત સુધીરે, બુદ્ધિબળ વખણાયું;
જેથી કરી જેમનેરે, અધિકમાન અપાયું. હડતાયો. ૯

પારસી ફીરકામાંરે, પીરોજશાહ પારસમણી;
આલમકરી ઓનરેબલેરે, હરકતો અતિ હણી. હડતાયો. ૧૦
જીહોસીને ઉદારતારે, જગ જાહેર કીધી;
સરકારને સૃષ્ટિએરે, ઉંચી પદવી દીધી. હડતક્યો. ૧૨
પૈસા કેરી પરવારે, બીલકુલ નહી રાખી;
ખલ્ક સવામાં ખંતથીરે, જીંદગી ગુજારી આખી. હડતાયો. ૧૩
પરવા રાખી હોત પૈસાનીરે, તો કરોડોપતી થતા;
કાયદા કાનુનો કેરારે, મોટા માહીતગાર હુતા. હડતાયો. ૧૪
નિરંતર રહી નામનારે, તવારીખે તે ટકાયું;
શિવલાલ કવિયેરે, બની આવ્યું તે ગાયું. હડતાયો. ૧૫
ચેરમેનને સ્થાનેરે, દેસાઇ અંબાલાલ હતા;
દીવાનબહાદુર દીનમણીરે, વિબુદ્ધ વડા વક્તા. હડતાયો. ૧૬

કવાલી.

ઓનરેબલો હિંદ કે મનભાવે, ફીરોજશાહ શેઠ ફેર નાવે. ટેક.

ગજબ દીલપે હવી ગ્લાની. ગયે બડે શાહ શાહાજાની;
મુરાદાં કોન ભરપાવે, ફીરોજશાહ શેઠ ફેર નાવે. ૧

આગેવાન મુંબઈ કૉન્ગ્રેસના હતા, સરકાર પ્રજા તણા વક્તા;
સરવની બીના સુણાવે, ફીરોજશાહ શેઠ ફેર નાવે. ૨

પીરોજશાહ મહેરવાનજી મહેતા, પ્રજા તર્ફથી સર્વે કહેતા;
સાચા ખેરખાહ સી. આઈ. ઈ. કહાવે, ફીરોજશાહ શેઠ ફીર નાવે. ૩

કાઢી જીંદગી સરે આખી, પ્રજા સેવાનાં ભાષણો ભાંખી;
દાના ગૃહસ્થ દલીલો દર્શાવે, ફીરોજશાહ શેઠ ફેર નાવે. ૪

અવલથી તે અંત સમા સુધી, કીધી પ્રજા સુખમાં વૃદ્ધિ;
ગુણો ગ્રંથકાર પેપરો ગાવે, ફીરોજશાહ શેઠ ફેર નાવે. ૫

મુંબઈ મ્યુનીસીપલના ધારા, હવા સહુને બહુ સુખકારા;
એવા સ્વાલો સર સમજાવે, ફીરોજશાહ શેઠ ફેર નાવે. ૬

ઉંચો વહીવટ હજુ ચાલે, કીધું એ કામ કૃપાલે;
સરને માન તેજ સુહાવે, ફીરોજશાહ શેઠ ફેર નાવે. ૭

કીયે કામો બડે કાફી, અસીલ ખાનદાન અસરાફી;
પ્રજા સેવાજ સુ બજાવે, ફીરોજશાહ શેઠ ફેર નાવે. ૮

મેળવ્યું માન મુબારકબાદી, આલમની રાખી આબાદી;
સલાહ સહુ પુછને આવે, ફીરોજશાહ શેઠ ફેર નાવે. ૯

અપાર ગુણો તણા અબ્ધિ, મેળવી મહેતાએ સમૃદ્ધિ.
ફીતુર કોઇનુ નહી ફાવે, ફીરોજશાહ શેઠ ફેર નહી આવે. ૧૦

મુબારક રહો મહેતા કેરા, ચતુર પુત્રો ફુલો સેરા;
શિવલાલ દુવા સલામ ગાવે, ફીરોજશાહ શેઠ ફેર નાવે. ૧૧

કુશળ રહો કુટુંબ પરિવારો, આસીરવાદ અમોલ હમારો;
મદદ અહુરમઝદ અપાવે, ફીરોજશાહ શેઠ ફેર નાવે. ૧૨

ઇશ્વર ઇચ્છા.

'રાતલડી કોની સંગે જાગ્યા, ઘાયલ છોજી નેણબાણુ કેઇનાં વાગ્યા' એરાગ

આવુંરે શું ઇશ્વરને મન આવ્યું, તેડી પાસે દુનિયાનું દીલ દુખાયું આવુંરે ટેક.
જરૂર શી જગપત્તીને પડી તાંહે, ખોટ પડી ખૂબજ ખલકની રે માંહે;
તરૂવર તલફે બેઠા જેની છાંયે. આવુંરે. ૧

મુલકો માંહે મેળવી મુબારકબાદી, પરાજય કીધા સર્વે પ્રમાદી;
જડે નહી જોડી જેઉની એકાદી. આવુંરે ૨

શોકમય સગાં સહોદર ભારી, જેહેનેરે ઝાઝી જનાબની મિત્રાચારી;
ગજબ ગ્લાની ગયા ઘણા ગુણકારી. આવુંરે. ૩
સીતેરમે વર્ષે શાહે દેહ મહેલી, ઉદારના અસ્તની આંખે હેલી;
ગયા ગરીબોના બાહોસ બેલી, આવુંરે. ૪
વડીસભાના વડા સભાસદ ઠરીયા, વડાં વ્યાખ્યાનો વિબુધ ઉચરીયા;
દીલ ઉદારજ જેમનાં દરીઆ. આવુંરે. ૫
જાયા તે સૌ જનો છેર જનારા, રાજા રંક નથી અરે રહેનારા;

આની ધ્યાની ગૃહસ્થો ધરમ ધરનારા. આવુંરે. ૬
કાચી કાયા પાણી તણો પરપોટા, ભરૂસો આણવો એનોરે ખોટા;
પડયો જેમનો જગમાં મોટા ટોટા, આવુંરે. ૭
"સામર્થ નહી ઉપાય જેનોરે કરવા, ઘટે નહિ શોકજ તેમના ધરવા;"
"બોલ એવા બહુ નામીના છે ઉચ્ચરવા, આવુંરે. ૮
કીરતારનું કીરતન કીધે સુખ થાયે, માયા જાળમન થકી મુકાયે;
જીવ પણ જરૂર જેહનું જાયે, આવુંરે. ૯
વિરહ વેદના દેહની દુર પળાજ્યો, સગાં કુટુંબી સર્વે સુખી થાજ્યો;
પિતા જેવો પુત્રોનો યશ ગવાજ્યો, આવુંરે ૧૦
આઈમાય કેરી અધિક અફસોસી, દુર કરી ખુદા ધરાવો ખામોસી;
ઉપજાવો ઉદારતા અને જીહાશી, આવુંરે. ૧૧
જબરશોક જરબાનું કેરો હરજ્યો, કુંટુબીનો અફસોસ હરી દુર કરજ્યો;
વિમળ યસ કીરતી વડાં તેઉ વરજ્યો, આવુંરે. ૧૨
બડ શેઠો ભટાઇમાં નથી ભાંખ્યું, દાના સરે દૈવત મોહુજ દાખ્યું;
અતિસયોક્તિયે નથી આળેખ્યું, આવુંરે. ૧૩
બી. એ. એલ. એલ. બી. સોલીસીટર સારા,
ઝહાંમાં કરો ઝાંહગીર શાહ ઉજીયારા;
સલામત રહો શેઠ મીલનહારા, આવુંરે. ૧૪
બારીસ્ટર અરદેશર અધિકારી, ડેપ્યુટી શેરીફ દાના ગૃહસ્થ દરબારી;
અચળ રહો દુવા દીલથી અમારી, આવુંરે ૧૫
કુશળ રહો કેખશરૂ એમ. એ. મહેતા, અમોઘ આશીસ કવિજન દેતા;
અવર હુન્નરોની જે તાલીમ લેતા. આવુંરે. ૧૬
સાવક ચતુરબંધુ ચિંતામણી, અલખત એશ આબરૂ મેળવો ઘણી;
સેવા કીધી સીવલાલે જે આવી બની, આવુંરે ૧૭
કવિ શિવરાજ કહે શીરનામી, ખલકમાં ઉપજે ન આવીરે ખામી;
આરત નાદે અરજ છે અંતર યામી, આવુંરે. ૧૮

વિજ્ઞાપના

આ ચોપડી ગોમતીપુર અમદાવાદમાં (જે સરદાર ચિનુભાઇ બેરોનેટની માન મુબારકબાદી, સર જમસે જીજીભાઇના પુત્ર ખરશેદજી વિરહ, સર. ફીરોઝશાહ મહેતા વિરહ, દી. બા. મણીભાઈ જસભાઇ વિરહ, નગર મણિભાઇ વિરહ, શેઠ. મનસુખભાઇ વિરહ. ખા. બા. સ. શેઠ. રૂસ્તમજી કોંટ્રાક્ટરનું વિવાહ વર્ણન, ખા. બા. નવરોજી સી. આઈ. ઈનો ગાદીનશીનીઓત્સવ, તથા આંખની સ્પીટલ વિશે, શાહપુરના કાજી. સરદાર હજરત. ફરીદુમીઆંનો છડકાઓત્સવ,) વિગરે પુસ્તકો રચનારને ત્યાંથી મળશે.

કર્તા. કવિ. શિવલાલ ખુશાલભાઈ બ્રહ્મભટ.

જાહેર ખબર.

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે સોના ચાંદીના ઝવેરાતના હરેક જાતના દાગીના બનાવનાર અને તેવા હરેક જાતના દાગીનાઓ ઉપર એનગ્રેવર્સ (નકસી કામ) અને (વીંટી ઉપર અક્ષર પાડવા) તથા બીજા હરેક જાતના દાગીનાઓ ઉપર નકસી કામ બનાવનાર.

એનગ્રેવર.

પ્રાણજીવનદાસ રણછોડદાસ.

ઠે. રાયપુર ચકલેશ્વર મહાદેવ પાસે

દુકાન નં. ૨૨૭૨ અમદાવાદ.